માંગણીપત્રક(Requisitions)નો
નમૂનો અદ્યતન કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ક્રમાંકઃ-પીએસસી-૧૦૮૪-૨૫૬-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૭/૧/૨૦૦૭.

વંચાણે લીધાઃ- સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩-૯-૦૬ નો પરિપત્ર ક્રમાંકઃપીએસસી-
૧૦૮૪-૨૫૬-ગ.૨

-: પ રિ પ ત્ર :-

સરકારના સામાન્ય વહીવટ વિભાગના વંચાણ હેઠળના તા.૧૩-૯-૦૬ ના પરિપત્રથી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ તેમજ અન્ય ભરતી એજન્સીઓને મોકલવાના માંગણીપત્રકનો સુધારેલ નમૂનો ઉક્ત પરિપત્રના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ ગુજરાતી ભાષામાં નિયત કરવામાં આવેલ છે. તદનુસાર આયોગ તેમજ અન્ય ભરતી એજન્સીઓને મોકલવામાં આવતા માંગણીપત્રકો ઉક્ત નમૂના મુજબ ગુજરાતી ભાષામાં મોકલવાના રહે છે. અંગ્રેજી ભાષામાં માંગણીપત્રક મોકલવાના રહેતા નથી. પરંતુ માંગણીપત્રક સાથે જે તે જગ્યાના ભરતી નિયમોની સુધારા સહિતની અંગ્રેજી તથા ગુજરાતી નકલો સામેલ કરવાની રહે છે. આ સ્પષ્ટતા ધ્યાને લઈને તારીખઃ૧૩-૯-૦૬ ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવા સચિવાલયના વિભાગો / ખાતાના વડાઓ / નિમણૂંકી સત્તાઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ એમ. રાવલ )
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

P.T.O.

www.shixan.in

સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
× પત્ર ધ્વારા.

www.shixan.in

સચિવાલયના વિભાગો તેમજ તાબાની તમામ
કચેરીઓ માટે આવતા દસ વર્ષને લક્ષમાં
લઈને મેનપાવર પ્લાનિંગ સમિતિની રચના
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૫–૨૧૮૯–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨-૨–૨૦૦૭.

વંચાણે લીધોઃ– (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩/૧૨/૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩/૦૮/૦૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૯/૧૦/૦૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

ઠ રા વઃ–

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક–(૧) સામે દર્શાવેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩–૧૨–૦૫ ના ઠરાવથી મેનપાવર પ્લાનિંગ સમિતિની રચના કરવામાં આવેલ છે અને ક્રમાંકઃ (૨) અને (૩)ના ઠરાવોથી આ સમિતિની મુદત વખતોવખત લંબાવવાના હુકમો કરવામાં આવેલ છે. સમિતિની કામગીરી અર્થે સમિતિના અધ્યક્ષશ્રી અને બીનસરકારી સભ્યોને રાજ્યની અન્ય કચેરીઓમાં જવા માટે મુસાફરી કરવાના પ્રસંગે તેમને નાણાં વિભાગના તા.૧૮–૨–૧૯૮૨ ના પરિપત્ર નં.એમએસબી/૧૦૮૨/૨૯૮ જેની સુચનાઓ પ્રમાણે વર્ગ–૧ ના અધિકારી જે દરે મુસાફરી ભથ્થું મળવાપાત્ર હોય તે દરે મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થશે. સમિતિના સરકારી સભ્યોને ગુજરાત મુલ્કી સેવા ——— નિયમો–૨૦૦૨ ની પ્રવર્તમાન જોગવાઈ મુજબ ટી.એ./ડી.એ. મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન. સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

– માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
– મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
– સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
– માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
– સમિતિના તમામ સભ્યશ્રીઓ.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
– સચિવાલયના તમામ વિભાગોના સચિવશ્રીઓ.
– સર્વે ખાતાના વડાઓ.
– સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
– <u>પસંદગીની ફાઈલ–ગ.૨ શાખા.</u>
× પત્ર ધ્વારા.

www.shixan.in

સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસો
માર્ક કરવાનો રાહ(channel of submission)
નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સીઓએસ-૧૦૨૦૦૫-૫૧૬-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૩/૩/૨૦૦૭.

<u>વંચાણે લીધા:-</u>

(૧) સા.વ.વિ.ના તા.૨૩-૧૨-૨૦૦૫, તા.૨૦-૪-૨૦૦૬ અને તા.૨૬-૭-૦૬ ના સરખા ક્રમાંકના ઠરાવો.

<u>ઠ રા વ:-</u>

ઉપર વંચાણે લીધેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૨-૨૦૦૫, તા.૨૦-૪-૦૬ અને તા.૨૬-૭-૦૬ ના ઠરાવોથી સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસોની રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. ઉકત તારીખ:૨૦-૪-૦૬ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના અનુક્રમ નં.૭(ખ) માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના ડોકટરો અને તબીબી શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીઓની નિવૃત્તિ પછી એક વર્ષ માટે કરારના ધોરણે નિમણૂંકના કેસોનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. તેના સ્થાને હવે નીચે દર્શાવ્યા મુજબનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવે છે.

| અનુક્રમ | વિષય | રૂ.૧૬,૦૦૦-૨૦૦૫૦ કે તેથી ઉપરનાં પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો | વર્ગ-૧ ના અન્ય અધિકારીઓને લગતી અન્ય બાબતો. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. |
| ૭(ખ) | <u>કરારના ધોરણે નિમણૂંકના કેસો</u> આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના ડોકટરો અને તબીબી શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીઓની વયનિવૃત્તિ પછી એક વર્ષની મુદત માટે અને ત્યારપછીના વર્ષો માટે (૬૨ વર્ષની વય સુધી) કરારના ધોરણે નિમણૂંકો. | ૧. અ.મુ.સ.શ્રી, આ. અને પ.ક. વિભાગ.<br>૨. અ.મુ.સ.શ્રી(ક.ગ.) સા.વ.વિભાગ.<br>૩. મંત્રીશ્રી(આરોગ્ય) | ૧. અ.મુ.સ.શ્રી, આ. અને પ.ક. વિભાગ.<br>૨. અ.મુ.સ.શ્રી(ક.ગ.) સા.વ.વિભાગ.<br>૩. મંત્રીશ્રી(આરોગ્ય) | - |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન. સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
- નામ.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો
- સા.વ.વિ.ની તમામ શાખાઓ / અધિકારીઓ,
- સીલેકટ ફાઈલ/ગ.૨ શાખા.

www.shixan.in

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા અથવા
કેન્દ્રીયકૃત ભરતી યોજના દ્વારા અથવા માન્ય
પધ્ધતિ દ્વારા પસંદ કરાયેલ ઉમેદવારોને તેની
પૂર્વે કરેલી સેવાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃ-એફઓએ-૧૦૯૩-યુઓ-૨૦૧-ગ.૨,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૪/૫/૦૭.

વંચાણે લીધાઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૪-૪-૯૪ નો ઠરાવ ક્રમાંકઃ-એફઓએ-૧૦૯૩-યુઓ-૨૦૧-ગ.૨,
(૨) સા.વ.વિ.નો તા.૬-૧૨-૯૭ નો પરિપત્ર ક્રમાંકઃ- એફઓએ-૧૦૯૩-યુ.ઓ.૨૦૧-ગ.૨,

ઠ રા વઃ-

સરકારી કર્મચારી/અધિકારી અન્ય ઉપલી જગ્યા પર સીધી ભરતીથી પસંદગી દ્વારા નિમણૂંક પામે તો જ્યાં સુધી તેને સીધી ભરતીથી નિમણૂંકવાળી જગ્યા પર કાયમી કરવામાં ન આવે કે લાંબાગાળાના ધોરણે ચાલુ રાખવામાં ન આવે ત્યાં સુધી તેનો તેની મૂળ જગ્યા પર પરત આવવાનો દાવો (claim)ચાલુ રાખવો તથા જો કોઈ કેસમાં અજમાયશી સમય પછી આવા સીધી ભરતીથી નિમણૂંક પામેલા અજમાયશી કર્મચારી/અધિકારીની નિમણૂંકનો અંત લાવવામાં આવે તો તેને તેની અગાઉની મૂળ જગ્યાએ તેની મૂળ સીનીયોરીટી સાથે જ પરત લેવા સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૪-૯૪ના ઠરાવથી જોગવાઈ કરવામાં આવેલ છે, તેમજ આ જોગવાઈ પંચાયત સેવાના કર્મચારી/અધિકારીઓને પણ લાગુ પાડવા સામાન્ય વહીવટ વિભાગના તા.૬-૧૨-૯૭ ના પરિપત્રથી જોગવાઈ કરવામાં આવી છે.

ઉપર્યુક્ત જોગવાઈ રાજય સેવા/પંચાયત સેવાના કર્મચારી/અધિકારી રાજય સેવા/પંચાયત સેવાની અન્ય ઉપલી જગ્યા પર સીધી ભરતીથી નિમણૂંક પામે તેવા કિસ્સામાં લાગુ પડતી હોવાનો શાબ્દિક અર્થ થાય છે. પરંતુ સમાન કક્ષાની જગ્યા પર સીધી ભરતીથી નિમાયેલ કર્મચારી/અધિકારી જો ઉપરની પરિસ્થિતિમાં તેઓની મૂળ જગ્યાએ પરત ફરે તો તેમને પરત લેવા કે કેમ તથા આવા કર્મચારી/અધિકારીની પ્રવરતા કઈ રીતે ગોઠવવી તે અંગે કોઈ સ્પષ્ટતા ઉક્ત ઠરાવ/પરિપત્રમાં કરાયેલ ન હોવાથી આ અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

આથી, આ બાબતે સરકારની પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ(૧) હેઠળનો સા.વ.વિભાગનો તા. ૪-૪-૯૪ નો ઠરાવ તેમજ સંદર્ભ(૨) હેઠળનો સા.વ.વિભાગનો તા.૬-૧૨-૯૭ નો પરિપત્ર રદ કરીને તેના સ્થાને નીચે પ્રમાણેની જોગવાઈ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

P.T.O.

www.shixan.in

"રાજય સેવા/પંચાયત સેવાના કર્મચારી/અધિકારી જો ગુજરાત જાહેર સેવા આયોગ અથવા કેન્દ્રીયકૃત ભરતી યોજના અથવા માન્ય પધ્ધતિ ધ્વારા પસંદગી પામી રાજય સેવા અથવા પંચાયત સેવામાં જ અન્ય ઉપલી જગ્યા અથવા સમકક્ષ જગ્યા પર નિમણૂંક મેળવ્યા પછી જો અજમાયશી ગાળા દરમ્યાન તે કર્મચારી/અધિકારી પોતે તેના મૂળ સંવર્ગમાં પરત આવવા ઈચ્છે તો અથવા તો તેમને તેવી અન્ય ઉપલી જગ્યા અથવા સમકક્ષ જગ્યા પર જયાં સુધી લાંબા ગાળાના ધોરણે ચાલુ રાખવામાં ન આવે ત્યાં સુધી તે કર્મચારી/અધિકારી તેની મૂળ સંવર્ગની જગ્યા પર પરત આવવાનો દાવો (claim)ચાલુ રાખી શકશે. અને તે કર્મચારી/અધિકારી તેની સીધી ભરતી પરની જગા પૂર્વેની જગા પર પરત નિમણૂંક મેળવે તો તે સંવર્ગમાં તેની મૂળ પ્રવરતા જાળવશે. તથા જો કોઈ કેસમાં અજમાયશી સમય પછી આવી સીધી ભરતીથી નિમણૂંક પામેલા કર્મચારી / અધિકારીની નિમણૂંકનો અંત લાવવામાં આવે તો તેને તેની અગાઉની મૂળ જગ્યાએ તેની મૂળ પ્રવરતા (seniority)સાથે જ પરત લેવા."

રાજય સરકારની કચેરીમાંથી બોર્ડ, કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, યુનિવર્સિટી વગેરે સંસ્થાઓમાં સીધી ભરતીથી કે અન્યથા નિમણૂંક મેળવતા કર્મચારીઓ/અધિકારીઓને સરકારી સેવામાં મૂળ સંવર્ગની જગા પર પુનઃ નિમણૂંક મેળવવાનો હકક રહેશે નહિ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન.સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માન.રાજયપાલશ્રીના સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો(૧૦ નકલ સાથે)
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
તમામ ખાતાના વડાઓ.
વિશિષ્ટ ફાઈલ.
× પત્ર ધ્વારા.

www.shixan.in

**Procedure to be followed by the DPC — Cases of Government employees / officers under suspension and/or against whom Departmental Inquiry/ Prosecution is pending/contemplated.**

Government of Gujarat,
General Administration Department,
Resolution No.SLT/102007/104457/G-2,
Sachivalaya, Gandhinagar,

Dated: 4th August,2007

Read: Govt. Resolution, General Administration Department No.SLT/1080/895/G-2 dated 23rd September, 1981.

## RESOLUTION

Government in General Administration Department has issued from time to time, general guidelines to be followed in the matters of promotions of Government employees / officers against whom disciplinary / court proceedings are pending / contemplated and/or who are under suspension.

2. The Hon'ble Supreme Court of India has, in the case of Union of India V/s. K.V. Jankiraman etc. (AIR 1991 SC 2010), held that the disciplinary proceedings or prosecution against Government employee / officer should be treated to have commenced only from the date of issuance of chargesheet (in the case of Departmental Inquiry) or from the date of filing of chargesheet in the appropriate Court of Law (in the case of prosecution) and not from any earlier stage, and that the "sealed cover procedure" should be resorted to only if the chargesheet has been issued to the concerned Government employee / officer in the case of a Departmental Inquiry or the chargesheet has been filed in the appropriate Court of Law in the case of prosecution, on or before the date of meeting of the Departmental Promotion Committee.

3. In the light of the above referred to Judgement of the Apex Court, the instructions regarding following of the "sealed cover procedure" need to be amended suitably. Therefore, in amplification of the general instructions / guidelines issued by the Government in GAD from time to time on the subject of "sealed cover procedure" to be followed by the DPC, it is clarified that at the time of consideration of the cases of Government employees/ officers, the "sealed cover procedure" shall be followed by the concerned DPC only in the cases falling under one of the following categories:-

www.shixan.in

(1) Government employee / officer under suspension;

(2) Government employee / officer in respect of whom a chargesheet has been issued and the disciplinary proceedings are pending; and

(3) Government employee / officer in respect of whom prosecution for a criminal charge is pending.

4. Further procedure in regard to the "sealed cover" cases shall remain the same as stipulated in GR GAD No. CRR/102005/1008/G.2 dated 1st September, 2006.

By order and in the name of the Governor of Gujarat,

(I.N. Solanki)
Deputy Secretary to Government,
General Administration Department

To
The Principal Secretary to the Governor.
The Principal Secretary to the Chief Minister
The Personal Secretaries to all Ministers/Ministers of State.
The P.S. to Leader of Opposition, Dr. Vithalbhai Patel Bhavan, Gandhinagar.

- The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad (10 copies).
- The Secretary, Gujarat legislative Secretariat, Gandhinagar,
- The Secretary Gujarat Civil Services Tribunal, Gandhinagar,
- Gujarat Registrar, Gujarat High Court, Ahmeabad,
- The Secretary, Gujarat Panchayat Services Selection Board, Ahmedabad
- The Secretary, Gujarat Sbordinate Services Selection Board, Gandhinagar,

All Secretariat Departments (To circulate the copy of the GR to the concerned Heads of the Departments),
The Accountant General, Ahmedabad/Rajkot
The Pay and Accounts Officer, Ahmedabad / Gandhinagar
All Officers & All Branches of the G.A.D.

----------

- By letter

www.shixan.in

રાજ્ય સરકારના ઈ-ગવર્નન્સની નીતિ અંગે
વર્ગ-૧ થી વર્ગ-૩ના સીધી ભરતી તેમજ
બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું
ફરજિયાત બનાવવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૦૭-૩૯૭૧૨૧-ગ.૨
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૧૧/૨૦૦૭

વંચાણે લીધા : (૧) સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક:પરચ-/૧૦૨૦૦૩/૬૩૨/(૧)/ગ.૨
તા.૧૧/૮/૨૦૦૩ તથા તા.૧૭/૮/૨૦૦૪ તથા તા.૧૩/૧/૨૦૦૫,તા.૨૪/૬/૦૫
તા.૧/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૩/૬૩૨/(૧)/ગ.૨

**ઠરાવ**

રાજ્ય સરકારની ઈ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ના સીધી ભરતી તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગેની સુચનાઓ તથા કાર્યપધ્ધતિ અંગે સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧/૮/૨૦૦૩ અને તા.૧૭/૮/૨૦૦૪ના પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવી છે. તથા વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧/૦૫, તા.૨૪/૬/૦૫ના ઠરાવથી સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ અભ્યાસક્રમો/કોર્ષના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેના અનુસંધાને કેટલાક વધારાના અભ્યાસક્રમોને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી તે અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી મેળવેલ બેચલર ઓફ કોમર્સ (કોમ્પ્યુટર)ના ત્રણ વર્ષના અભ્યાસક્રમને સી.સી.સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

૨. રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીની સી.સી.સી.લેવલ ઉપરાંત આ અભ્યાસક્રમના પ્રમાણપત્રને પણ માન્ય ગણવાના રહેશે.

૩. આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સાયન્સ અને ટેકનોલોજી વિભાગની તા.૨૯/૧૦/૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
X સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર,
X રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
X સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
X સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
X સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
સચિવાલયના તમામ વિભાગો,
સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડા,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
<u>સીલેક્ટ ફાઈલ/ગ.૨ શાખા.</u>
X પત્ર દ્વારા.

www.shixan.in